# નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા),નવસારી
## તા.૧૯/૦૫/૨૦૨૨ ના ગુરૂવારના રોજ ૧૨:૦૦ કલાકે સુનાવણી અંગેનો હુકમ

---

પ્રથમ પક્ષકાર પ્રમુખશ્રી સર્વોદય કો.ઓ.હા.સોસાયટી તેમજ બીજા પક્ષકાર શ્રી વિપુલભાઈ શાહને અત્રેની કચેરીનાં તા.૧૬/૫/૨૦૨૨ નાં પત્રથી બન્ને પક્ષકારોને પોતાનો પક્ષ રજુ કરવા મે.નિવાસી અધિક કલેકટરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી,નુડાની અધ્યક્ષતામાં તા.૧૯/૫/૨૦૨૨ નાં ગુરૂવાર નાં રોજ ૧૨ : ૦૦ કલાકે બીજી સુનવણી રાખવામાં આવેલ.જેમા પ્રથમ પક્ષકાર તરીકે પ્રમુખશ્રી સર્વોદય કો.ઓ હા.સોસાયટીનાં પ્રતિનિધિ શ્રી જનકભાઈ એ.પટેલ તથા તેમના એડવોકેટશ્રી હાજર રહેલ હતા. પ્રથમ પક્ષકાર તરીકે પ્રમુખશ્રી સર્વોદય કો.ઓ.હા.સોસાયટીનાં પ્રતિનિધિશ્રી જનકભાઈ એ.પટેલ તથા તેમના એડવોકેટ ધ્વારા મે.નિવાસી અધિક કલેકટરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓની રજુઆત કરેલ છે.

મુદ્દા નં.(૧) એફેકટેડ પરસૅન(સંબધિત માલિક ધ્વારા રજુઆત)

મુદ્દા નં.(૨) ગામ નમુનાનાં નં.૬ હકક પત્રકની નોધ નં.૬૫૨૮ માં શરત નં.૩ અંગેની ચર્ચા કરવામાં આવેલ.

આમ, પ્રથમ પક્ષકારની રજુઆત અન્વયે બીજા પક્ષકાર જે તે સમયનાં માલિક ધ્વારા અરજદારશ્રી ચંપકભાઈ મગનભાઈ પટેલ ધ્વારા અત્રેની કચેરીમાં તા.૨૭/૮/૧૯૯૮ નાં રોજ બિન અવેજી રસ્તાનાં હકકાનો કરાર અત્રેની કચેરીમાં રજુ કરવામાં આવેલ.જેમા જણાવ્યા મુજબ સર્વોદય નગરમાં બનાવવામાં આવેલ તથા ચાલી આવેલ કોમન રસ્તાઓ જે નકશામાં દર્શાવવામાં આવેલ છે.તે તમામ રસ્તાઓનો ઉપયોગ વપરાશ સર્વે નં.૧૨૩ વાળી જમીનમાં જવા આવવા તથા તમામ પ્રકારનાં વાહનો લાવવા લઈ જવા માટેની પરવાનગી યાને હકકો મોજે.જમાલપોર,તા.જિ.નવસારીનાં રે.સ.નં.૧૨૩ પૈકીની જમીનનાં પ્લોટ હોલ્ડરો / માલિકો માટે જ તે જમીનમાં માલિકો તરીકે તે જમીન માટેનાં કાયમી ધોરણે સર્વોદય નગર સોસાયટીનાં તેમના તમામ સભ્યો તથા રહીશો વપરાશકારો,કબજેદારો વતી આપવામાં આવેલ છે. તેમ જણાવેલ છે.તેમજ સર્વે નં.૧૨૩ પૈકીથી નોધાયેલ જમીનમાં પાડેલા પ્લોટો જે કોઈ વ્યકિત યા વ્યકિતઓને વેચે તે તમામ સિવાય અન્ય જમીનનાં માલિક કબજેદારો વિગેરે કોઈપણ ઈસમ,સંસ્થા વિગેરેને કોઈપણ રીતે કે પ્રકારે આ કરારથી રસ્તાઓ વાપરવા દેવા માટે પોતાની રે.સ.નં.૧૨૩ પૈકીની જમીનનો ઉપયોગ કરવા દેશે નહિ. સદરહું રસ્તો કાયમી ધોરણે ખુલ્લો રાખવા તેમ જણાવેલ છે.

તેમજ મે.મુખ્ય કારોબારી અધિકારીશ્રી ધ્વારા જણાવ્યુ હતુ કે સદરહું સુનવણી માલિકી પણાનાં હકક પ્રસ્થાપિત કરવા અંગેની નહિ. પરંતુ ગેરકાયદેસર બાંધકામ / વિકાસ બાબતની છે. તથા,

- રહેણાંક હેતુ માટેની જગ્યા પર ધાર્મિક હેતુસર મંદિરનું બાંધકામ કરેલ છે. જે બિનઅધિકૃત છે. જરૂરી પરવાનગી મેળવેલ નથી, વધુમાં
- બીજા પક્ષકાર ધ્વારા રે.સ.નં.૧૨૩ વાળી જમીનમાં સદરહું પ્રથમ પક્ષકાર સાથે થયેલ રસ્તા અંગેનાં કરાર પર રસ્તાનાં વપરાશ હકકો આધારીત બિનખેતી મંજુર કરેલ હોય.

પ્રથમ પક્ષકારની મુદ્દા નં.(૨) ની રજુઆત અન્વયે ગામ નમુના નં.૬ હકક પત્રકની નોંધમાં નોધ નં.૬૫૨૮ માં શરત નં.૩ અંગે જણાવવાનું કે, મે.કલેકટરશ્રીનાં તા.૪/૧/૨૦૧૭ નાં હુકમથી પ્રશ્નવાળી જમીનનાં જે તે સમયનાં માલિકશ્રી ચંદુભાઈ જીવરાજભાઈ ગડારા ધ્વારા જમીન મહેસુલ કાયદાની કલમ –૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મેળવવાની બાકી હોય તે અન્વયે હુકમમાં શરત નં.૩ મુજબ મુદત વધુ ૬(છ) માસ વધારવાની માંગણી કરેલ છે. જેથી હુકમની વિગતો ધ્યાને લેતા સદર હુકમ રસ્તા પ્રવેશ કે સદરહું વિવાદીત બાંધકામ કે જમીનને સંબધિત નથી.

સદરહું સુનાવણી દરમ્યાન વિસ્તૃત ચર્ચા થયા બાદ પણ પ્રથમ પક્ષકાર તેમના ધ્વારા કરવામાં આવેલ બાંધકામનું કૃત્ય [redacted] કાયદેસર છે. તે બાબતનાં પુરાવાઓ રજુ કરી શકેલ ન હોવાથી તેમજ બીજા પક્ષકાર ધ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓને ધ્યાને આધારે ફલીત થાય છે કે પ્રથમ પક્ષકાર ધ્વારા તા.૨૭/૮/૧૯૯૮ ના રોજ બિન અવેજી રસ્તાનાં વપરાશનાં હક્કોનાં કરાર આધિન તેમના ધ્વારા બિનખેતીની મંજુરી મળેલ છે.ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટમાં કેસ નં.SLA(C) NO.8519/2006 નાં તારીખ ચુકાદા અનુસાર અને ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૩૫ થી ૩૮ અન્વયે કાર્યવાહી કરવાની થાય છે. જે મુજબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

મોજે.જમાલપોર,તા.જિ.નવસારીમાં આવેલ રે.સ.નં.૭૮/૨ અને રે.સ.નં.૮૨ પૈકી વાળી જમીનમાં આવેલ સર્વોદય કો.ઓ.હા.સોસાયટીમાં સોસાયટીનાં સભ્યો ધ્વારા લાગુ સર્વે નં.૧૨૩ ને આપેલા હકક અને હિસ્સા અનુસાર રસ્તામાં કરવામાં આવેલ વિવાદિત બાંધકામ([redacted]) અંગે કોઈ પણ સક્ષમ સત્તામંડળ/અધિકારીશ્રી પાસેથી વિકાસ પરવાનગી મેળવેલ ન હોય ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૩૬ ની જોગવાઈ હેઠળ સદરહું બિનઅધિકૃત બાંધકામ દિન–૧૦(દસ) માં સર્વોદય સોસાયટીનાં રહીશો ધ્વારા સ્વ ખર્ચે દુર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

નં.ગુડા/ગો.કા./વશી-154/2022
તા. 25/05/2022

(સહી)
**મુખ્ય કારોબારી અધિકારી**
**નવસારી શહેરી વિકાસ સત્તામંડળ**
**નવસારી**

નવસારી શહેરી વિકાસ સત્તા મંડળ
સત્યમેવ જયતે
નવસારી

**નકલ રવાના :–**
**પ્રતિ,**

(૧) પ્રમુખશ્રી
સર્વોદય કો.ઓ.હા.સોસાયટી,
મુ.પો.જમાલપોર,તા.નવસારી,જિ.નવસારી તરફે હુકમનુ પાલન થવા સારૂ.

(૨) શ્રી વિપુલભાઈ શાહ
રહે.મુંબઈ,મહારાષ્ટ્ર જાણ થવા સારૂ.
મો.નં.૯૯૨૦૩ ૨૨૨૪૨

(૩) મામલતદારશ્રી નવસારી(શ),મામલતદાર કચેરી નવસારી(શ),તાલુકા સેવા સદન,બીજો માળ, કાલીયાવાડી,નવસારી તરફે જાણ અને યોગ્ય તે કાર્યવાહી સારૂ.

(૪) ચીફ ઓફિસરશ્રી,નવસારી–વિજલપોર નગરપાલિકા,નવસારી તરફે જાણ અને યોગ્ય તે કાર્યવાહી સારૂ.